# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/33 Dt. 15/07/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# પૂરગ્રસ્ત સુરત માટે ઐતિહાસિક રાહત પેકેજને આવકારતું ચેમ્બર

## વર્ષ 2006ના 'નરેન્દ્ર મોદી મોડલ' પર વર્તમાન સરકારે સુરતીઓની પીડા સમજીને ત્વરિત લીધેલો નિર્ણય પ્રશંસનીય: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

### મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની સંવેદનશીલતાથી પૂર પ્રભાવિત નાના વેપારીઓથી લઈને મોટા ઉદ્યોગોને નવું જીવનદાન મળશે

### અસરગ્રસ્તો માટે 1 વર્ષનો મિલકત વેરો સંપૂર્ણ માફ કરવાનો અને પાકી દુકાનોને રૂ. 1 લાખની રોકડ સહાયનો નિર્ણય પ્રસંશનીય

### ઉદ્યોગ અને શહેરના લાંબાગાળાના હિતમાં ખાડી પૂરના કાયમી નિવારણ માટે હાઇ-લેવલ કમિટીની રચનાને આવકાર

સુરત, 15 જુલાઈ 2026: જુલાઈ 2026 દરમિયાન સુરત શહેર અને જિલ્લામાં આવેલી અતિવૃષ્ટિ અને પૂરની આપત્તિથી પ્રભાવિત થયેલા ધંધાદારી, વ્યાપારી એકમોને ફરીથી બેઠા કરવા માટે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા ઉદારતમ પુનઃવસન સહાય પેકેજને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા આવકારવામાં આવ્યું છે. ચેમ્બરના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને હોદ્દેદારોએ સંકટના આ સમયે ઉદ્યોગજગતના પડખે ઊભા રહેવા બદલ રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના ગતિશીલ અને સંવેદનશીલ નેતૃત્વ પ્રત્યે ગૌરવ અને આભારની લાગણી વ્યક્ત કરી છે.

**વર્ષ 2006ના ઐતિહાસિક 'મોદી મોડલ'ની યાદ તાજી થઈ:** ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "તાજેતરના ભારે વરસાદથી સુરતના લોકો અને ઉદ્યોગકારો મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકાયા હતા. આવા કટોકટીના સમયે વર્તમાન સરકારે સુરતીઓની પીડામાં સહભાગી બનીને જે અપ્રતિમ કાર્યક્ષમતા દાખવી છે, તેણે વર્ષ 2006ના ભયાનક પૂરના સમયની યાદ તાજી કરાવી છે. વર્ષ 2006માં જ્યારે સુરત પૂરના સંકટમાં ડૂબેલું હતું, ત્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જે રીતે સમગ્ર રાજ્યનું વહીવટી તંત્ર ઓન-ગ્રાઉન્ડ કામે લગાડી દીધું હતું, આખા સુરતમાંથી રેકોર્ડબ્રેક ઝડપે કાદવ-કચરો ઉલેચાવ્યો હતો, યુદ્ધના ધોરણે વીજ પુરવઠો અને રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પુનઃસ્થાપિત કરીને વેપાર-ધંધાને ગણતરીના દિવસોમાં બેઠા કર્યા હતા; બરાબર એ જ વિઝનરી નેતૃત્વ અને કાર્યક્ષમ મોડલના પથ પર ચાલીને વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે સુરતની મુલાકાત લઈને સુરતના અર્થતંત્રને ફરીથી ઊર્જાવાન બનાવવા ઐતિહાસિક નિર્ણયો લીધા છે."

શ્રી અશોક જીરાવાલાએ વિશેષ નોંધ લેતા જણાવ્યું હતું કે, પૂરના તુરંત બાદ ચેમ્બર (SGCCI) દ્વારા દક્ષિણ ગુજરાતના ટેક્સટાઇલ, ડાયમંડ અને MSME સેક્ટરના ઉદ્યોગકારો પાસેથી જે વાસ્તવિક નુકસાનીનો ડેટા અને સત્તાવાર ફોર્મેટમાં રજૂઆતો એકત્રિત કરવામાં આવી હતી, તેને રાજ્ય સરકારે ખૂબ જ ગંભીરતાથી ધ્યાને લીધી છે. ઉદ્યોગોએ પોતાના સંગઠનો મારફતે ચેમ્બર સમક્ષ જે પાયાની મુશ્કેલીઓ રજૂ કરી હતી, તેને જ મુખ્ય આધાર બનાવીને મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ પેકેજનું આખું માળખું તૈયાર કર્યું છે, જે દર્શાવે છે કે સરકાર ઉદ્યોગ જગતના વાસ્તવિક પ્રશ્નો પ્રત્યે કેટલી સજાગ અને સંવેદનશીલ છે.

**પેકેજના મુખ્ય નિર્ણયોને ચેમ્બરનો આવકાર:**

- **નાના વેપારીઓને મોટી રાહત:** લારી/રેકડી ધારકોને રૂ. 7,500, નાની કેબિન માટે રૂ. 25,000 અને મોટી કેબિનધારકોને રૂ. 50,000ની ઉચ્ચક આર્થિક સહાયથી નાના રોજગારકારો પૂર્વવત થશે.

- **પાકી દુકાનો અને GST રજિસ્ટર્ડ એકમો:** છેલ્લા ત્રિમાસિકનું GST રિટર્ન ભરનારા દુકાનદારોને રૂ. 1 લાખની ઉચ્ચક રોકડ સહાય અથવા રૂ. 30 લાખ સુધીની ટર્મ લોન પર 3 વર્ષ સુધી 7% વ્યાજ સહાય આપવાનો નિર્ણય ઉદ્યોગોને ઓક્સિજન પૂરો પાડશે.

- **વેરા માફી અને કાયમી ઉકેલ:** પૂર પ્રભાવિત વિસ્તારોના રહેણાંક અને વાણિજ્યિક એકમો માટે 1 વર્ષનો મિલકત વેરો માફ કરવાનો નિર્ણય સરકારની ઉદારતા દર્શાવે છે. આ ઉપરાંત, ભવિષ્યમાં ખાડી પૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે શહેરી વિકાસ અગ્ર સચિવના નેતૃત્વમાં એક હાઇ-લેવલ કમિટીની રચના કરવામાં આવી છે, જે લાંબાગાળાનો એક્શન પ્લાન રજૂ કરશે.

વર્ષ 2006ની જેમ જ અન્ય મહાનગરોમાંથી 9 હજારથી વધુ સ્વચ્છતાદૂતોને બોલાવીને યુદ્ધના ધોરણે સફાઇ કામગીરી કરવા બદલ અને 14 જુલાઈ સુધીમાં કુલ રૂ. 13.15 કરોડની ઘરવખરી તેમજ કેશડોલ સહાય ચૂકવવા બદલ ચેમ્બરે સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગત વતી રાજ્ય સરકારનો હૃદયપૂર્વક આભાર માન્યો છે.